# જિલ્લામાં બે વર્ષ દરમિયાન ખોટા આધારોથી ખેડૂત બનવાના ૭૦ કેસ

## ખોટા ખેડૂતોના ૪૫ પ્રકરણોનો નિકાલ અન્ય કિસ્સામાં સુનાવણીની પ્રક્રીયા ચાલુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ખોટા આધારો દ્વારા ખેડૂતો બન્યા હોય તેવા ૭૦ કેસો ધ્યાને આવ્યા છે. જયારે આ પૈકી ૪૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. અન્ય કિસ્સામાં સુનાવણીની પ્રક્રીયા ચાલી રહી છે.

તેરમી વિધાનસભાના આજે ૬ઠ્ઠા સત્રની કાર્યવાહી દરમિયાન ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન કલોલના ધારાસભ્ય બળદવજી ઠાકોરે મુખ્યમંત્રી સમક્ષ પ્રશ્ન રજૂ કર્યો હતો કે ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખોટા આધારો દ્વારા ખેડૂત બન્યા હોય તેવા કેટલા કિસ્સાઓ ધ્યાને આવ્યા છે.જેના જવાબમાં જિલ્લામાં કુલ ૭૦ કેસો સરકારના ધ્યાને આવ્યા હોવાનું ઉત્તરમાં જણાવાયું છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

આ પૈકી ગાંધીનગરમાં સૌથી વધુ ૬૩, કલોલમાં ૫,માણસામાં ૧, દહેગામમાં ૧ સહીત જિલ્લામાં કુલ ૭૦ કેસો ધ્યાને આવ્યા છે. આ પૈકી ૪૫નો નિકાલ થયો છે. મહેસાણા જિલ્લામાં પણ ખોટા ખેડૂતોના ૬ કેસો ધ્યાને આવ્યા છે. જેમાંથી ૪ કેસોનો નિકાલ થયો છે. અન્ય કેસોની સુનાવણીની પ્રક્રીયા ચાલુ છે.

### જિલ્લામાં ૨૩ પશુ દવાખાના બે માં પશુ ચિકિત્સા અધિકારી નથી

માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુ દવાખાના છે અને મહેકમની સ્થિતિ શું છે તે અંગે પશુપાલન મંત્રી સમક્ષ પ્રશ્ન રજૂ કર્યો હતો જેના જવાબમાં જણાવાયું હતું કે જિલ્લામાં ૨૩ પશુ દવાખાનાઓ અને ૧૩ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો છે જેમાં ગાંધીનગર તાલુકામાં ૫, દહેગામમાં ૬, માણસા અને કલોલમાં ૬ પશુ દવાખાના છે. આ ૨૩ પૈકી ૨૧ પશુ દવાખાનામાં મહેકમ પૂર્ણ છે. જયારે જિલ્લામાં બે પશુ દવાખાનામાં કર્મચારીઓની ઘટ છે. પશુ ચિકિત્સા અધિકારીની જગ્યા ભરવા પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

### ફળપાકના નવા વાવેતર માટે ૧૯ ખેડૂતોને સહાય : અકસ્માત વીમા યોજના હેઠળ ૬૨ લાખ ચુકવાયા

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે કૃષિમંત્રીને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩-૧૪માં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અન્વયે ૧૯ ખેડૂતોને સહાય ચુકવવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ ખેડૂત અકસ્માત વીમા યોજના અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં ખેડૂત વીમા યોજના હેઠળ ૧૧૮ અરજીઓ આવી છે. આ પૈકી ૬૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આ પેટે કુલ ૬૨ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### જિલ્લામાં મહેસુલી કાયદાની કલમ ૮૪ હેઠળના ૫૨૧ કેસો પડતર

ગાંધીનગર જિલ્લામાં મહેસુલી કાયદાની કલમ-૮૪ સી હેઠળ છેલ્લા ૩ વર્ષમાં ૨૪૨ કેસોમાં મંજુરી આપવામાં આવી છે જયારે ૨૨ કેસોને ના મંજુર કરવામાં આવ્યા છે. હાલ ૫૨૧ કેસ પેન્ડીંગ છે. કલોલના ધારાસભ્યના ઉત્તરમાં જણાવાયું હતું કે પડતર કેસોને પૂર્ણ કરવાના મામલે અર્ધન્યાયિક પ્રક્રીયા હોઈ સમય મર્યાદા આપી શકાય તેમ નથી.

### બે વર્ષમાં વારસાઈની એન્ટ્રી માટે ૧૧,૪૦૦ અરજીઓ મળી

ગાંધીનગર જિલ્લામાં ૨ વર્ષ દરમિયાન વારસાઈની એન્ટ્રી બાબતે મહેસુલ વિભાગને ૧૧,૪૦૦ જેટલી અરજીઓ મળી છે. કલોલના ધારાસભ્યના ઉત્તરમાં જણાવાયા મુજબ ગાંધીનગર તાલુકામાંથી ૩૨૩૭ દહેગામમાંથી ૩૨૭૬, કલોલમાંથી ૨૦૪૭ અને માણસામાંથી ૨૮૪૦ વારસાઈ એન્ટ્રીની અરજીઓ મળી છે જયારે આ પૈકી ૬૧૦ અરજીઓ પેન્ડીંગ છે અન્ય કિસ્સામાં મંજુરી આપી દેવાઈ છે.

### વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ પાછળ રૂ. ૪૩,૧૭,૩૫,૨૭૭નો ખર્ચ

જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ પાછળ સરકાર દ્વારા રૂ. ૪૩,૧૭,૩૫,૨૭૭નો ખર્ચ કરવામાં આવ્યો છે. અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીના પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલા જવાબમાં જણાવ્યા મુજબ વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ અન્વયે ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં આ ખર્ચ થયો છે. જયારે સમિટ માટે કરવામાં આવેલ અને હજુ આખરી થયો નથી વિવિધ પ્રકારના સાહિત્ય તૈયાર કરવા, સેમિનારનું આયોજન વેબસાઈટ બનાવવા, નિભાવણી, ઈવેન્ટ મેનેજમેન્ટ અને વહીવટી બાબતો માટે ખર્ચ કરવામાં આવ્યો છે.

# આજથી સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ

## વસંતોત્સવ ૬ માર્ચ સુધી ચાલશે : હસ્તકલા હાટ બપોરે ૨ થી રાતના ૧૦ વાગ્યા સુધી અને સાંસ્કૃતિક કાર્યક્રમો ૭ થી ૯ વાગ્યા દરમિયાન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

વસંતઋતુના આગમન સાથે જ નગરજનોને હંમેશા પોતીકો લાગતો વસંતોત્સવ પ્રારંભ થઈ રહ્યો છે. સંસ્કૃતિ કુંજ ખાતે ઘણા વર્ષોથી ઉજવાતો આ ઉત્સવ તા. ૨૫મી ફેબ્રુઆરીથી ચાલુ થઈ રહ્યો છે જે તા. ૬ઠ્ઠી માર્ચ સુધી ચાલશે. આ ઉત્સવનું ઉદઘાટન તા. ૨૫મી ફેબ્રુઆરીએ સાંજે ૭ વાગે રાજયના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે કરાશે. વસંતોત્સવ ૨૦૧૫ના ઉદઘાટન સમારોહમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાઠોડ, ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે. છેલ્લા ઘણા વર્ષોથી ઉજવાતા આ ઉત્સવમાં રાષ્ટ્રીય લોક કલા મહોત્સવ તેમજ હસ્તકલા પ્રદર્શન અને વેચાણ માટે હસ્તકલા હાટનું પણ આયોજન કરાય

● અનુસંધાન પાન-૭ પર



# જિલ્લા પંચાયતની સાત સમિતિઓની પુનઃ રચના

## કારોબારી સમિતિ ભાજપની પણ સત્તાઓ સામાન્ય સભા પાસે જ રખાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ સહિત છ સમિતિઓ પર ભાજપે કબ્જો જમાવ્યા પછી આજે સામાન્ય સભાએ કારોબારી સમિતિને સત્તાઓ પાછી આપવાનો નિર્ણય મુલ્તવી રાખ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં પંચાયતની સાત સમિતિઓની પુનઃરચના કરવામાં આવી છે. જેમાં સમિતિઓની પુનઃ રચનાની કામગીરી પૂર્ણ થયા બાદ કારોબારી સમિતિની જે સત્તાઓ પાછી લઈ અને સામાન્ય સભાને સોંપાઈ હતી તે યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે કારોબારી સમિતિની પુનઃ

● અનુસંધાન પાન-૭ પર

# વાતાવરણમાં પુનઃ ફેરફાર થતા ગરમી ઘટી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૪

છેલ્લા એકાદ-બે દિવસથી એકાએક જ સખત ગરમી પડ્યા બાદ ગઈકાલ રાતથી પુનઃ વાતાવરણમાં પરિવર્તન આવ્યું છે. આકાશમાં આછા વાદળો ઘેરાયા હતા, જેના કારણે મહત્તમ અને લઘુત્તમ તાપમાન ઘટ્યું હતું.

ફેબ્રુઆરી માસના અંતિમ દિવસોમાં મહત્તમ તાપમાનમાં ઉછાળો આવ્યો હતો. અને મહત્તમ તાપમાન ૩૬-૩૮ ડિગ્રી સુધી પહોંચી ગયુ હતું. જો કે ગઈકાલે સાંજે પવનની ગતિ વધી હતી અને વાતાવરણમાં ઠંડક ફેલાઈ હતી. જોરદાર પવનના કારણે આકાશમાં આછા પાતળા વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળો ઘેરાતા ગરમી ઘટી હતી. તડકો ઓછો પડ્યો હતો. વાતાવરણમાં પલ્ટો આવતા આજે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૭.૨ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૫૫ ટકા અને સાંજે ૩૪ ટકા રહ્યું હતું.

# પંચાયતના બજેટ અંગે મિશ્ર પ્રતિભાવ

## તંત્રની ઉદાસીનતાથી પંચાયતી રાજ વ્યવસ્થા ખોડંગાઈ છે : રાઠોડ

## સર્વસમાવેશક વિકાસના સુદઢીકરણની દિશામાં આ બજેટ મહત્વનું છે : જયેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૪

પંચાયતી રાજ વ્યવસ્થામાં પ્રજાના પૈસાનો કરકસરભર્યો વહીવટ કરી લોકકલ્યાણને કેન્દ્રમાં રાખવાની વાત વર્તમાન શાસકો વિસરી ગયાનો આક્ષેપ કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડે પંચાયતના બજેટ પર બોલતા જણાવ્યું હતું. તેમણે સ્વભંડોળમાંથી લખલૂટ ખર્ચ કરવાનો વિરોધ કરતાં જણાવ્યું કે સરકારી ગ્રાન્ટ કેવી રીતે વધુ મળી શકે તે પ્રયાસો કરવામાં તંત્ર ઉદાસીનતા દાખવી રહ્યું છે તે યોગ્ય નથી.

શ્રી રાઠોડે જણાવ્યું હતું કે પંચાયતમાં તંત્રની ઉદાસીનતાના દાખલાઓ જેટલા ટાંકીએ તે ઓછા પડે તેમ છે. તેમણે જિલ્લામાં પંચાયતી રાજના સુદઢીકરણ માટે પગલાં ન લેવાયા તેનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

તો ભાજપના શ્રી જયેશ પટેલે બજેટ વિકાસના સુદ્રઢીકરણની દિશામાં મહત્વનું હોવાનું લેખાવી સર્વસમાવેશક વિકાસ માટે જે જોગવાઈઓ કરાઈ છે તેને આવકારી હતી.

શ્રી જયેશ પટેલે કહ્યું કે કન્યા કેળવણી હોય કે વ્યસન મુક્તિ અભિયાન હોય આપણી પ્રાચીન પરંપરાની પેથી આયુર્વેદ થકી આરોગ્ય સેવાના સઘનીકરણ માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તેને આવકારી હતી.

શ્રી પટેલે બજેટમાં સ્ત્રી જન્મદર વધે અને સામાજિક સમતુલા માટેની જોગવાઈને આવકારી હતી. આ ઉપરાંત સ્થાવર મિલ્કતોની જાળવણી અને નિભાવણી માટે બજેટમાં જે ચિંતા વ્યક્ત કરી જોગવાઈ કરાઈ છે તે અભિનંદનીય હોવાનું કહ્યું હતું.


# સ્વાઈન ફ્લુ (એચ 1 એન 1)

આપ પોતાને તથા આપના પરિવારના સભ્યોને સ્વાઈન ફ્લુથી સુરક્ષિત રાખો.



**: લક્ષણોને ઓળખો :**

તાવ અને ખાંસી, ખરાબ ગળુ, વહેતુ અથવા બંધ નાક, શ્વાસ લેવામાં તકલીફ, અન્ય લક્ષણ શરીર દુખવુ, માથું દુખવુ, થાક, ઠંડી લાગવી, ઝાડા, ઉલટી, ગળફામાં લોહી પડી શકે છે.

**શું કરવું અને શું ન કરવું**

આટલું કરો -
- છીંક અને ખાંસી આવે ત્યારે આપના મોં અને નાકને રૂમાલ કપડાથી અવશ્ય ઢાંકો.
- હંમેશા આપના હાથ સાબુ અને પાણીથી ધોવો.
- નાક, આંખ અને મોંને અડવું નહીં.
- ભીડભાડવાળી જગ્યાથી બચો. ફ્લુથી પીડીત લોકોથી એક હાથથી વધુ અંતરે રહો.
- તાવ, ખાંસી અને ગળામાં ખરાશ હોય તો સાર્વજનિક જગ્યાઓથી દૂર રહો.
- ખૂબ જ પાણી પીવો અને આહાર લો.
- પૂરતી ઉંઘ લો.

આટલું ન કરો -
- હાથ ન મિલાવો, ગળે ન મળો અથવા દૈહિક સંપર્કમાં આવતા અન્ય અભિવાદન ન કરો.
- સાર્વજનિક જગ્યાઓ ઉપર ન થૂંકો.
- ડોક્ટરની સલાહ વિના દવાઓ ન લો.

વિવિધ હોસ્પિટલો અને મેડીકલ સ્ટોર્સમાં દવાઓ ઉપલબ્ધ છે. વિગતો www.mohfw.nic.in પર આપેલ છે.

davp 17102/13/0036/1415

વધુ માહિતી માટે સંપર્ક કરો : 011-23921401
આઉટબ્રેક મોનીટરિંગ સેલ,
રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર, દિલ્હી

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
ભારત સરકાર દ્વારા જનહિતમાં પ્રસ્તુત


# નર્મદા યોજનામાં ત્રણ રાજ્ય પાસેથી ૫૩૯૨ કરોડ લ્હેણા બાકી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત વિધાનસભા બજેટ સત્રના આજે બીજા દિવસે ગૃહમાં હાથ ધરાયેલી પ્રશ્નોત્તરી દરમિયાન સરદાર સરોવર યોજના અત્વયે મધ્યપ્રદેશ, મહારાસ્ટ્ર તથા રાજસ્થાન પાસેથી કુલ રૂ. ૫૩૯૨.૩૧ કરોડની રકમ લ્હેણી નીકળતી હોવાં અંગે રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રીતે સ્પષ્ટતા કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા ના ધારાસભ્ય અશ્વિન કોટવાલના એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ ની સ્થિતિ મુજબ ગુજરાત સરકારે સરદાર સરોવર યોજના હેઠળ મધ્યપ્રદેશ પાસેથી રૂ. ૩૫૨૮.૫૦ કરોડ, મહારાષ્ટ્ર પાસેથી રૂ. ૧૩૬૩.૩૮ કરોડ તથા રાજસ્થાન પાસેથી રૂ. ૫૦૦.૪૩ કરોડની રકમ લ્હેણી નીકળે છે. રાજય સરકાર દ્વારા વધુ સ્પષ્ટતા કરતાં જણાવવામાં આવ્યું હતું કે બિન વિવાદીત રકમનો સમાવેશ થાય છે જેમાં મધ્યપ્રદેશ પાસેથી રૂ. ૬૬૦.૦૭ ની પુનઃવસવાટ અને અન્ય તથા રૂ. ૧૯૫૨.૪૨ કરોડની વ્યાજની વિવાદીત રકમનો સમાવેશ થાય છે. તેવી જ રીતે મહારાષ્ટ્ર પાસેથી પુનઃ વસવાટ તથા અન્ય ખર્ચ પેટે રૂ. ૩૧૨.૬૮ કરોડ અને વ્યાજખર્ચ પેટે રૂ. ૯૨૪.૮૩ કરોડની વિવિદીત રકમ તેમજ રૂ. ૧૨૫.૮૭ કરોડની બિનવિવાદીત રકમ લ્હેણી નીકળે છે. રાજસ્થાન પાસેથી પણ પુનઃવસવાટ અને વ્યાજ પેટે રૂ. ૫૩.૫૦ કરોડ અને વ્યાજ ખર્ચ પેટે રૂ. ૪૧૩.૬૬ કરોડની વિવાદીત રકમ ઉપરાંત રૂ. ૩૩.૨૭ કરોડની બિનવિવાદીત રકમનો સામાવેશ થાય છે. ગુજરાત સરકાર તરફથી ત્રણેય પાડોશી રાજયોને પત્ર પાઠવી આ રકમની અવારનવાર ઉઘરાણી કરવામાં આવી છે. તેમજ ૧૯મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ નર્મદા કંટ્રોલ ઓથોરિટીની અગામી બેઠકની કાર્યસૂચિમાં આ લ્હેણી રકમનો સમાવેશ કરી એજન્ડા નોટ પણ મોકલી આપવામાં આવી હોવાનું રાજય સરકાર તરફથી ગૃહમાં જણાવવામાં આવ્યું હતું.


# જાહેર નિવિદા

## વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સાવે સાથે) માસીક તથા ઓન-કોલ માટે પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુક કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૫-૩-૨૦૧૫ સુધીમાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની કચેરી, બ્લોક નં. ૧૮, ૮ અને ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરની કચેરી ખાતેથી અરજી સાથે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની કચેરીના નામનો રૂ. ૧૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીને તા. ૧૬-૩-૨૦૧૫ના રોજ ૪-૦૦ કલાક સુધીમાં રજીસ્ટર્ડ એ.ડી. દ્વારા મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
તા. : ૨૫-૨-૨૦૧૫ — ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ



# KENDRIYA VIDYALAYA NO.3.

GANDHINAGAR CANTT
CHILODA ROAD, ARMY CANTT, GANDHINAGAR- 382042
Phone: 079 - 23200266

## WALK IN INTERVIEW

## ON 12.03.2015 IN THE VIDYALAYA CAMPUS

Wanted teachers, purely temporary on contractual basis (subject to availability of vacancy) for the Academic Session 2015-16 (w.e.f. 1st April 2015) as per details given below. Interview will be held in Vidyalaya campus on **12/03/2015 at 08.00am**.onward (Bring original testimonials with a set of self attested photocopies along with passport size photograph). No TA/DA will be paid for attending the interview.You are advised to download the application form from Vidyalaya website .

| S. No. | Post | Essential Minimum Qualification | Remuneration |
|---|---|---|---|
| 01 | Primary Teacher | 10+2 in any discipline with 50% marks from any board with JBT / PTC or equivalent from recognized University BA/B.Com./B.Sc. with B.Ed is also eligible (Proficiency to teach in English & Hindi) | Monthly Consolidated Rs.21250/- |
| 02 | TGT(All Subjects) | Graduation in Subject(s) concerned with at least 50% marks in aggregate with B.Ed. or B.Sc. with 60% OR BA with 55% without B.Ed. | Monthly Consolidated Rs.26250/- |
| 03 | PGT(All Subjects) | Master Degree with at least 50% marks in aggregate in concerned subject with B.Ed. | Monthly Consolidated Rs.27500/- |
| 04 | Computer Instructor | BE/B.Tech(Computer Science)/BCA/ MCA/M.Sc. (Electronics with computer Science component) B.Sc. (Computer Science)ORBachelor's /Master degree in any Science subject/Mathematics from recognized university with Post Graduate Diploma in Computer Application from Government recognized University/ Institute.OR Post Graduate Degree in any subject with Post Graduate Diploma in Computer application from government recognized University/Ö" Level from DOEACC. | Monthly consolidated Rs.21250/- for Class-III to V and Rs.26250/- for Class-VI to X |
| 05 | Spoken English Teacher | Essential-Graduate with English as one of the subject Desirable Certificate/ Diploma/Degree in spoken English covering course program of not less than 6 months duration. | Monthly consolidated Rs.18750 |
| 06 | German Teacher | Bachelor's degree/diploma in German language from Indian university. | Monthly Consolidated Rs.26250/- |
| 07 | Coaches for sports activities/ (Athletics & Team events) | M.P.Ed. /B.P.Ed./D.P. Ed. Skilled and qualified experts with diploma/degree from recognized institute. | Monthly Consolidated Rs.21250/- |
| 08 | Art & Craft (Instructor for classical Folk/ any other dance/ pottery/ Handicraft etc) | Recognized Diploma in Craft/Drawing/ Painting/Sculptures/Dance(Any) | Monthly Consolidated Rs.21250/- |
| 09 | Educational Counselor | Degree/Diploma/Certificate in counseling. ORM.A. / M.Sc.(Psychology) from a recognized college or University + Regular one year Post Graduate Diploma in Guidance and Counseling ORM.A./ M.Sc. / M.Com with B.Ed / M.Ed. qualification + Regular one year post Graduate Diploma in Guidance and Counseling | Monthly consolidated Rs.25000/- |
| 10 | Doctor | MBBS and registered with Medical council of India/State Medical council | Rs.1000/ per day for 2 hrs/ as per need prescribed the vidyalaya |
| 11 | Nurse | Diploma from Recognized institute | Rs. 750/ Per day for 7 Hrs. a day |


Sd / PRINCIPAL

web site:- www.kvgandhinagarcantt.org.in



# ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા



એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭



# ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com